Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-23 ■ તા. 31-05-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

૨૪ કલાકમાં વિક્રમજનક ૮૧૩૪ કેસો, ૨૬૫ના મોત

પહેલી વખત દેશમાં જેટલા દર્દી વધ્યા તેનાથી દોઢ ગણા સાજા થયા,૮૨૩૭૦ એક્ટિવ કેસ,છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૨૬૪ લોકો સ્વસ્થ્ય થયા, રિકવરી રેટ વધીને ૪૭% થયો,કુલ ૮૨,૩૭૦ લોકો કોરોના મુક્ત થયા

શું આ કોમ્યુનિટી સંક્રમણનો અતિ ખતરનાક તબક્કો તો નથી ને? ચર્ચાતો સવાલ

ન્યુ દિલ્હી,તા.૩૦

દેશમાં એક તરફ લોકડાઉન-૪માં વધારો કરવાની તૈયારીઓ સાથે જાણે એકાએક કોરોના વાઈરસનો બોંબ ફૂટ્યો હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં ૮,૧૩૪ કેસો બહાર આવતાં હાહાકાર મચી ગયો હતો. તેની સાથે છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૨૬૫ દર્દીઓના મોત થયા છે. કેસો અને મોતનો આંકડો અત્યારસુધીમાં સૌથી વધારે છે. આવતીકાલ ૩૧ મેના રોજ લોકડાઉન-૪ની મુદત પૂરી થઇ રહી છે અને નવી ગાઇડલાઇન સાથે લોકડાઉન-પની જોહેરાતની પૂર્વ સંધ્યાએ જ કેસો અને મોતનો આંક ભયજનક માનવામાં આવી રહ્યાં છે. લોકડાઉન ખુલવાના સમયે જ કેસો વધારે બહાર આવતા હોવાની પણ એક પેટર્ન જોવા મળી રહી છે. દર્દીઓના કેસમાં ભારત દુનિયાના ૯મા નંબરે પહોંચી ગયું છે. હાલમાં અમેરિકા પહેલા સ્થાને છે. એશિયામાં કોરોનાથી સૌથી વધારે સંક્રમિત દેશ તરીકે ભારતની ગણના કરવામાં આવી રહી છે. જો કે ભારતમાં કોરોના રીકવરી રેટ વધીને ૪૭ ટકા સધી પહોંચી ગયો છે. દરમ્યાનમાં લોકડાઉનની વચ્ચે ભાજપે આજે મોદી સરકાર ૨.૦ના એક વર્ષની ઉજવણી લોકડાઉનના નિયમોના પાલન સાથે કરી હતી.

વૈશ્વિક મહામારી કોરોના વાઇરસને રોકવા માટે ૨૫ માર્ચના રોજ લાગૂ કરાયેલા લોકડાઉન-૧ હવે લોકડાઉન-૫ એટલે કે પાંચમા તબક્કામાં પ્રવેશવાની તૈયારીમાં છે ત્યારે એકાએક કેસોની સંખ્યા વધી જતાં સત્તાવાળાઓ પણ ચિંતામાં મૂકાઇ ગયા હતા. શું આ કોમ્યુનિટી સંક્રમણનો અતિ ખતરનાક તબક્કો તો નથી ને? એવો સવાલ પણ પૂછાઇ રહ્યો હતો. આ તબક્કો સૌથી ભયાનક અને ચરમસીમા સમાન મનાય છે. જેમાં કોઇને પણ કોરોનાનો ચેપ લાગી શકે છે.

સૂત્રોએ કહ્યું કે, વધેલા કેસોની સંખ્યા સાથે દેશભરમાં અત્યાર સુધી ૧,૭૩,૪૯૧ લોકો સંક્રમિત થયા છે અને ૪,૯૮૦ લોકોના મોત થયા છે. સાથે જ અત્યાર સુધી ૮૨,૬૨૭ દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૬૨,૨૨૮ લોકો કોરોનાના સંકજામાં આવ્યા છે અને ૨,૦૯૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. બીજા નંબરે રહેલા તમિલનાડુમાં ૨૦,૨૪૬ લોકો સંક્રમિત થયા છે અને ૧૫૭ લોકોના મોત થયા છે.તો આ તરફ ૧૭,૩૮૬ દર્દીઓ સાથે દિલ્હી ત્રીજા ક્રમે છે. દિસ્હીમાં ૩૯૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૨૬૪ લોકો સાજા થયા છે,અને રિકવરી રેટ વધીને ૪૭% પર પહોંચ્યો છે.

ભારતમાં જો કે હવે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી દર ૪૭ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૨૬૪ લોકો સાજા થયા છે. જે સ્વસ્થ્ય થનારા લોકોનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. આ સાથે જ સાજા થનાર દર્દીઓનો આ આંકડો વધીને ૮૨૩૬૯ સુધી પહોંચી ગયો છે.

જો કે છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૪૯૭૧ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શુક્રવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના હવે ૮૨૩૭૦ એક્ટિવ કેસ છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૬૨૨૨૮ કેસ નોંધાયા છે જ્યારે ૨૦૯૮ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં ૨૦૨૪૬ કેસ નોંધાયા છે જેમાંથી ૧૫૪ લોકોના મોત નિપજ્યા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૭૩૮૬ કેસ નોંધાયા છે જ્યારે ૩૧૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૬૯૦૧૧ લોકો સંક્રમણમાં આવ્યા છે જેમાંથી ૯૮૦ લોકોના મોત થયા છે.ગઈ કાલે મહારાષ્ટ્રમાં ૨૬૮૨, દિલ્હીમાં ૧૧૦૫, તમિલનાડુમાં ૮૭૪, ગુજરાતમાં ૩૭૨, રાજસ્થાનમાં ૨૯૮ , પશ્ચિમ બંગાળમાં ૨૭૭, ઉત્તરપ્રદેશમાં ૨૭૫, કર્ણાટકમાં ૨૪૮, હરિયાણામાં ૨૧૭, ઉત્તરાખંડમાં ૨૧૬, બિહારમાં ૧૭૪, જમ્મુ-કાશ્મીરમાં ૧૨૮ અને આસામમાં ૧૪૪ દર્દી મળ્યા હતા. રાજસ્થાનમાં સવારે ૧૦.૩૦ વાગ્યા સુધી કોરોનાના ૪૯ નવા કેસ નોંધાયા હતા. દિલ્હીમાં આજે ૧૧૦૬ સંક્રમિત વધ્યા છે. એક દિવસમાં સંક્રમિતોનો આ સૌથી મોટો આંકડો છે.ઉત્તરપ્રદેશમાં દરરોજ ૧૦ હજાર કોરોનાના ટેસ્ટ કરાવામાં આવી રહ્યા છે. મુખ્ય સચિવ સ્વાસ્થ્ય અમિત મોહન પ્રસાદે આ અંગેની માહિતી આપી હતી. અહીંયા કોરોનાથી સાજા થનારા દર્દીઓની સંખ્યા વધીને ૪,૨૪૪ થઈ ગઈ છે

જ્યારે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, ૧ જૂનથી મંદિર, મસ્જિદ અને ગુરુદ્વારા ખૂલશે, પણ ૧૦થી વધારે લોકોને ભેગા થવાની મંજૂરી નહી મળે ધાર્મિક સ્થળો પર સભાઓ પણ નહીં કરી શકે.મહારાષ્ટ્રના સતારા જિલ્લા હોસ્પિટલ તપાસ માટે ટુનેટ ટેકનીકનો ઉપયોગ કરવા જઈ રહી છે.

ટુનેટ ટીબીની તપાસમાં ઉપયોગમાં લેવાતી ટેકનીતડ છે. જેનાથી એક કલાકમાં રિઝલ્ટ આવી જાય છે. કોરોનાના ટેસ્ટનું રિઝલ્ટ પણ એકથી બે કલાક વચ્ચે મળી જશે. આ ટેકનીકને ગોવાના મોલ્બિયો ડાયગ્નોસ્ટિક્સ દ્વારા તૈયાર કરાઈ છે.

વૈજ્ઞાનિકોએ આપી ચેતવણી

૨૦૨૦નું વર્ષ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ રહેશે

ન્યુ દિલ્હી,તા.૩૦

વૈજ્ઞાનિકોના એક આંતરરાષ્ટ્રીય ગ્રુપે ચેતવણી આપી છે કે જળવાયુ પરિવર્તનના પ્રભાવોને લીધે આ વખતે ગરમ હવાઓ, ઉષ્ણકટીબંધીય તોફાનો અને આગની ઘટનાઓ ગંભીર રૂપ ધારણ કરી શકે છે. લોકડાઉનના કારણે આ ઘટનાઓ વધુ વિકરાળ રૂપ ધારણ કરી શકે છે. કેમકે તેની સામેના યોગ્ય પ્રયાસો નથી કરી શકાયા. પરિણામ એ આવશે કે આ વર્ષ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ બની શકે છે. ઇન્ટરનેશન સેન્ટર ફોર કલાઇમેટ ચેન્જ એન્ડ ડેવલોપમેન્ટના રિપોર્ટમાં શંકા વ્યકત કરાઇ છે કે ૨૦૨૦નું વર્ષ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ બની શકે છે. રિપોર્ટ અનુસાર, ભીષણ ગરમીની સૌથી વધારે અસર ઉત્તર ગોળાર્ધના દેશો પર પડશે. ભારત, બાંગ્લાદેશ સહિતના આ દેશોમાં આગામી સપ્તાહોમાં લૂનો પ્રકોપ હજુ પણ વધશે .રિપોર્ટ અનુસાર, દક્ષિણ ગોળાર્ધ સહિત દુનિયાના અન્ય ભાગો પણ ચરમ મોસમી ઘટનાઓનો સામનો કરી રહ્યા છે. પૂર્વ આફ્રીકાના કેટલાક ભાગોમાં અત્યારે ભારે વરસાદ પછી પૂર અને ભૂસ્ખલનનું જોખમ ઉભું થયું છે. આફ્રીકન દેશોથી માંડીને ભારત સુધીમાં કેટલાય દેશો તીડના હુમલાનો ભોગ બની રહ્યા છે.નિષ્ણાંતોએ કહ્યું કે, ચરમ મોસમી ઘટનાઓમાં વધારો થઇ રહ્યો છે. કાર્બન ઉત્સર્જનથી તોફાન, હીટવેવ અને આગનું જોખમ વધે છે. ઉંચુ ઉષ્ણતામાન લાંબો સમય ચાલુ રહેવાથી લૂ ઉત્પન્ન થાય છે, જંગલોમાં આગ લાગે છે.

આ વર્ષે આ જોખમ વધી શકે છે. ડોકટર કેટ કેમરે કહ્યું કે, કોરોનાના લીધે લોકોનું એકથી બીજી જગ્યાએ ન જવું અને ઘરોમાં જ રહેવાના કારણે તેઓ ગરમી અને તોફાનોના વધારે શિકાર બની શકે છે. આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતામાં ઘટાડો પણ આમા મુશ્કેલી ઉભી કરશે.

દિલ્હી,હરિયાણા,પંજાબમાં વરસાદથી રાહતઃ

વિદર્ભનું ચંદ્રપુર ૪૫.૪ ડિગ્રી સાથે સૌથી ગરમ

ન્યુ દિલ્હી,તા.૩૦

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ઉપરાંત હરિયાણા અને પંજાબના કેટલાક ક્ષેત્રોમાં વાતાવરણ પલટાયું છે. આ રાજ્યોમાં વરસાદના કારણે લોકોને અસહ્ય ગરમીથી રાહત મળી છે જ્યારે ઉત્તર પ્રદેશ અને મધ્ય ભારતના અનેક ક્ષેત્રોમાં ભીષણ ગરમીનો પ્રકોપ ચાલુ રહ્યો હતો. મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રમાં આવેલું ચંદ્રપુર ૪૫.૪ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સાથે દેશનું સૌથી ગરમ સ્થળ બની રહ્યું હતું. વાતાવરણ પલટાતા રાજસ્થાનનું મહત્તમ તાપમાન છથી સાત ડિગ્રી સેલ્સિયસ ઘટ્યું હતું અને લોકોને ગરમીથી રાહત મળી હતી. જો કે તેમ છતા રાજ્યના મોટા ભાગના ક્ષેત્રોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ જેવું રહ્યું હતું જે થોડા દિવસો પહેલા ૫૦ ડિગ્રી પહોંચવા આવ્યું હતું. તેલંગાણા અને વિદર્ભ સિવાય દેશના મોટા ભાગના વિસ્તારોમાં લૂનો પ્રકોપ ઘટ્યો હતો અને હવામાન વિભાગે ૩૦મી મેથી બીજી જૂન દરમિયાન દેશના કોઈ ક્ષેત્રમાં લૂ ફૂંકાવાની શક્યતા નથી તેમ જાહેર કર્યું છે. વરસાદના કારણે ચંદીગઢ, પંજાબ, હરિયાણાના કેટલાક ક્ષેત્રોમાં તાપમાન ઘટ્યું હતું જ્યારે ઉત્તર પ્રદેશમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ જળવાઈ રહ્યો હતો. હવામાન વિભાગે પહેલી જૂનથી કેરળમાં દક્ષિણ પશ્ચિમી ચોમાસુ આગમન કરશે તેવી આગાહી કરેલી છે.

નોબેલ વિજેતા પીટર ચાર્લ્સ હોડર્ટીનું નિવેદન

આગામી ૯-૧૨ મહિના કોરોનાની રસીની વાત જ ભૂલી જજો

મેલબર્ન,તા.૩૦

નોબેલ પારિતોષિક વિજેતા પીટર ચાર્લ્સ ડોહર્ટીએ કોરોના સામેની લડાઈ સરકારો માટે આવનારા દિવસોમાં ખૂબ જ અઘરી બની રહેશે તેમ જણાવ્યું છે. ઓસ્ટ્રેલિયાના ઈમ્યુનોલોજિસ્ટ પીટરના જણાવ્યા અનુસાર, ભારત જેવા ગીચ વસ્તી ધરાવતા દેશમાં લોકડાઉનમાં છૂટછાટ ચિંતાજનક છે. જોકે, સંપૂર્ણ લોકડાઉન સામાજીક અને આર્થિક રીતે અશક્ય હોવાનું પણ તેમનું માનવું છે.આગામી દિવસોમાં કોરોનાના કેસો વધશે તેવી ચેતવણી આપતા પીટર ચાર્લ્સે કહ્યું છે કે આગામી ૯-૧૨ મહિના સુધી તેની સામે રક્ષણ આપે તેવી રસી શોધાવાની પણ શક્યતા નથી. તેમનું માનવું છે કે, જો તમામ પરિક્ષણો યોગ્ય રીતે પાર પડે તો પણ કોઈ રસી સુરક્ષિત અને અસરકાર છે તે જાણવામાં જ સપ્ટેમ્બર કે ઓક્ટોબર આવી જશે. ત્યારબાદ રસીનું ઉત્પાદન, કેટલી ઝડપથી તે બની શકે અને લોકોને અપાઈ શકાય તે પાછી અલગ અને લાંબી પ્રક્રિયા છે.

કોરોના વાયરસ ઈન્ફ્લુએન્ઝાની જેમ ઝડપથી પોતાનું સ્વરુપ નથી બદલતો. જેથી એક જ રસી આખી દુનિયાના લોકો પર અસર કરવી જોઈએ. યુનિ. ઓફ મેલબોર્નના ડીપાર્ટમેન્ટ ઓફ માઈક્રોબાયોલોજી એન્ડ ઈમ્યુનોલોજી સાથે સંકળાયેલા પીટર ચાર્લ્સ ૧૯૯૬માં નોબેલ જીત્યા હતા. શરીરની રોગપ્રતિકાર શક્તિ કઈ રીતે વાયરસગ્રસ્ત કોષને સામાન્ય કોષથી અલગ તારવી તેમને ઠીક કરી શકે છે તેના પર સંશોધન બદલ તેમને નોબેલ મળ્યું હતું.લોકડાઉન અંગે પોતાનો મત વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે જો તે માત્ર સાયન્સનો જ મુદ્દો હોત તો દરેક જગ્યાએ તેનો અમલ થવો જોઈતો હતો, પરંતુ લોકડાઉન સામાજીક અને આર્થિક રીતે લાંબો સમય ખેંચવું અશક્ય છે. કોરોનાનો ચેપ કઈ રીતે અટકાવી શકાય તે અંગે તેમણે જણાવ્યું હતું કે લોકો જવાબદારીથી વર્તે અને રેપિડ રિસ્પોન્સ તેમજ કોન્ટેક્ટ ટેસ્ટિંગ વધારાય તો આ વાયરસનો ફેલાવો નિયંત્રણમાં લઈ શકાય.

વડાપ્રધાન મોદીએ ૬ વર્ષોમાં ઘણી ઐતિહાસિક ભૂલો સુધારીઃ અમિત શાહ

ન્યુ દિલ્હી,તા.૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી એનડીએ સરકારના બીજા કાર્યકાળને આજે એક વર્ષ પૂરુ થઈ ગયુ છે. આ પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહે ઘણા ટ્વિટ કર્યા છે.

પોતાના આ ટ્વિટમાં તેમણે વિપક્ષી પાર્ટી કોંગ્રેસ પર નિશાન પણ સાધ્યુ. ગૃહમંત્રીએ ટ્વિટ કર્યુ, મોદીજીએ આ ૬ વર્ષોના કાર્યકાળમાં માત્ર ઘણી ઐતિહાસિક ભૂલોને સુધારી છે એટલુ જ નહિ પરંતુ ૬ દશકની ખાઈને પાટા પર લાવીને વિકાસપથ પર અગ્રેસર એક આત્મનિર્ભર ભારતનો પાયો પણ રાખ્યો છે. આ ૬ વર્ષનો કાર્યકાળ ગરીબ કલ્યાણ તેમજ રિફોર્મને સમાંતર સમન્વયનુ એક અભૂતપૂર્વ ઉદાહરણ છે.

આ છ વર્ષોની ભૂલોને સુધારવાની વાત શાહે સરકારના અનુક એવા નિર્ણયોના સંદર્ભમાં કહી. જેવા કે જમ્મુ અને કાશ્મીરથી અનુચ્છેદ ૩૭૦ હટાવવી, નવો નાગરિકતા કાયદો લાવવો. તેમણે કહ્યુ, ઐતિહાસિક ઉપલબ્ધિઓથી પરિપૂર્ણ મોદી ૨.૦ના એક વર્ષના સફળ કાર્યકાળમાં ભારત આવા જ નિરંતર પ્રગતિશીલ રહેશે. તેમણે ભારતની જનતાના અતૂટ વિશ્વાસનો ઉલ્લેખ કરીને એક અન્ય ટ્વિટમાં લખ્યુ, 'ઈમાનદાર નેતૃત્વ તેમજ અથાગ પરિશ્રમના પ્રતિબંબ પ્રધાનમંત્રી મોદી પર ભારતની જનતાનો જે અતૂટ વિશ્વાસ છે તેવો જ દેશની જનતાને પોતાના નેતૃત્વમાં વિશ્વાસ છે.

દુનિયામાં વિરલા જ જોવા મળે છે. મોદી સરકારને પસંદ કરીને આ ઉપલબ્ધિઓની સહ ભાગીદાર બનેલી ભારતની જનતાને હું કોટિ-કોટિ નમન કરુ છુ.

મોદી ૨.૦ને એક વર્ષ પૂર્ણ,ભાજપ અધ્યક્ષે સરકારની સિદ્ધિઓ ગણાવી

મોદીએ સાબિત કરી બતાવ્યુ કે કોરોના સામે લડાઈ કેવી રીતે લડાયઃ નડ્ડા

ન્યુ દિલ્હી,તા.૩૦

મોદી સરકારના બીજા કાર્યકાળને શનિવારે એક વર્ષ પુરુ થયું છે.આ અંગે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ વીડિયો કોન્ફરન્સ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને સરકારની સિદ્ધી ગણાવી હતી. તેમણે કહ્યું કે, છેલ્લા એક વર્ષમાં સરકારે અનુચ્છેદ ૩૭૦ હટાવ્યો અને ત્રણ તલાક પ્રથા નાબૂદ જેવા કાયદા બનાવીને ઘણા ઐતિહાસિક નિર્ણયો કર્યા છે. કોરોના મહામારી સામેની સંપૂર્ણ લડાઈ કેવી રીતે લડાય એ મોદીએ સાબિત કરીને બતાવ્યું છે.

સરકારે સૌથી પહેલા ૧.૭૦ લાખ કરોડ રૂપિયાનું પેકેજ આપ્યું. ૮૦ કરોડ લોકોના રાશનની વ્યવસ્થા કરી. ૨૦ કરોડ બહેનોના જનધન ખાતામાં ૫૦૦-૫૦૦ રૂપિયા ત્રણ મહિના નાંખવાનો પ્રયાસ કર્યો.વૃદ્ધોના ખાતમાં ૧૦૦૦-૧૦૦૦ કરોડ રૂપિયા આપવાનો પ્રયાસ કર્યો. મનરેગા હેઠળ મજૂરી અને રકમની ફાળવણી વધારી.વડાપ્રધાને ૨૦ લાખ કરોડ રૂરિયાના પેકેજની જાહેરાત કરી. જેના વિશે નાણામંત્રી નિર્મલા સીતારામણે જણાવ્યું હતું. જેના દ્વારા દરેક સેક્ટરને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કર્યો હતો. કોરોનાની લડાઈ સાથે તેને હોલિસ્ટિક રીતે કેવી રીતે લડી શકાય એ મોદીજીએ તેમના નેતૃત્વ ક્ષમતામાં બતાવ્યું. દેશને ધન્યવાદ આપવા માંગીશ કે વડાપ્રધાન એક એક અપીલને સાંભળી રહ્યા છે.

મોદીજીના બીજા કાર્યકાળના પહેલા વર્ષમાં ઘણી ઈચ્છાશક્તિવાળા નિર્ણય લેવાયા હતા. અનુચ્છેદ ૩૭૦ હટાવવો દેશની એકતા અને અખંડતા માટે મહત્વપૂર્ણ નિર્ણય હતો. આ નિર્ણયોના સૂત્રોધાર ગૃહમંત્રી અમિત શાહ બન્યા હતા.

અનુચ્છેદને હટાવવાથી જમ્મુ-કાશ્મીરની જનતા મુખ્યધારામાં સામેલ થઈ ગઈ છે. જે દલિતો સાથે અન્યાય થઈ રહ્યો હતો. તેમને ન્યાય મળી રહ્યો છે. મહિલાઓને સંપત્તિ સાથે જોડાયેલા અધિકાર મળી રહ્યા છે.

મોદીજી ત્રણ તલાકને ખતમ કરવા માટે કાયદો લઈને આવ્યા છે.

ભાજપે 'બડે ફેસલે.. કમ હુએ ફાસલે'વીડિયો શેર કર્યો

મોદી સરકારનું એક વર્ષ પુરુ થવા પર ભાજપે 'બડે ફેસલે.. કમ હુએ ફાસલે' થીમ પર એક વીડિયો શેર કર્યો. આ વીડિયો ૯ મિનિટ ૫૫ સેકન્ડનો છે. જેમાં સરકારના કામકાજ અને નિર્ણયોને બતાડવામાં આવ્યા છે.

ત્રણ ભારતીય કંપનીઓને નાસાના વેન્ટિલેટર ઉત્પાદનનો કોન્ટ્રાક્ટ મળ્યો

કોરોનાના જંગમાં નાસાએ પોતાની ટેક્નોલોજીની મદદથી વિશેષ વેન્ટિલેટર બનાવ્યું

વોશિંગ્ટન,તા.૩૦

ત્રણ ભારતીય કંપનીઓને નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)એ કોરોના વાયરસના દર્દીઓ સારવાર માટે તૈયાર કરાયેલા વેન્ટિલેટર બનાવવાનું લાયસન્સ મેળવ્યું છે. આ ત્રણ ભારતીય કંપનીઓમાં આલ્ફા ડિઝાઈન ટેક્નોલોજીસ પ્રા. લિ., ભારત ફોર્જ લિ. અને મેધા સર્વો ડ્રાઈવ્સ પ્રા. લિ.નો સમાવેશ થાય છે.ભારતીય કંપનીઓ ઉપરાંત અન્ય ૧૮ કંપનીઓમાં આઠ અમેરિકન, ત્રણ બ્રાઝિલિયન કંપનીઓને પણ વેન્ટિલેટર્સ ઉત્પાદન માટે પસંદ કરવામાં આવી છે. નાસા સ્પેસ સંશોધન, એરોનોટિક્સ અને સંલગ્ન



અભિયાન હાથ ધરતી એક સ્વતંત્ર એજન્સી છે. નાસાએ ખાસ કોરોના વાયરસના દર્દીઓ માટે દક્ષિણ કેલિફોર્નિયા સ્થિત તેની જેટ પ્રોપલ્શન લેબોરેટરી (જેએલપી)માં આ વેન્ટિલેટરનું નિર્માણ કર્યું છે. જેપીએલ એન્જિનિયર્સે આ ખાસ વેન્ટિલેટરને 'વાઈટલ' નામ આપ્યું છે. આ વેન્ટિલેટરને એક મહિનાના ટૂંકા ગાળામાં ફૂડ એડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન તરફથી ઈમર્જન્સી યુઝ ઓથોરઆઝેશન પ્રાપ્ત થયું છે તેમ નાસાએ જણાવ્યું હતું.આ વેન્ટિલેટર અનેક રીતે ખાસ છે. નાસાએ જણાવ્યા મુજબ પારંપરિક વેન્ટિલેટરમાં જરૂર પડતા પાર્ટ્સની તુલનાએ આ વેન્ટિલેટરમાં તેના ૧૫ ટકા પાર્ટ્સનો જ ઉપયોગ થાય છે. અત્યંત ક્રિટિકલ દર્દીઓની સારવાર માટે આ હાઈ-પ્રેશર વેન્ટિલેટર એક કિફાયતી વિકલ્પ પુરવાર થઈ શકે છે. આ ઉપરાંત ફ્લેક્સિબલ ડિઝાઈનને પગલે તે હંગામી હોસ્પિટલ્સમાં પણ ઉપયોગી સાબિત થઈ શકે છે તમ નાસાએ જણાવ્યું હતું.

તંત્રી લેખ

લોકડાઉનમાં મુકાવી શકનાર "કોરોના" ભ્રષ્ટાચાર, કાળાબજાર, રાજકીયક્ષેત્રે પરાસ્ત કેમ.....?!

ભારતમાં ત્રણેક માસ પહેલા કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે દેશની પ્રજાને જણાવ્યું હતું કે કોરોના વાયરસથી ડરવાની જરૂર નથી તે લોકો દ્વારા ફેલાતો રોગ નથી. આ નિવેદન ટ્રમ્પની ભારત મુલાકાત પહેલા કર્યું હતું. દેશનું આરોગ્ય મંત્રાલય તજજ્ઞોની સલાહ લીધા વગર કે પૂછપરછ વગર કેવા મનઘડંત નિવેદનો કરે છે તેનો અનુભવ દેશની પ્રજાને આકરી કિંમત ચૂકવવા સાથે જઈ રહ્યો છે..... દેશભરમાં કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા ૧ લાખ ૬૮ હજાર થી આગળ વધી રહી છે. મૃતાંક ૪૭૮૯ પર પહોંચી ગયો છે. દેશમાં લોકડાઉન પછી લોકોમાં વિશ્વાસ પેદા થયો હતો કે કોરોનાની સાંકળ જરૂર તૂટી જશે અને સારા દિવસો આવશે..... પરંતુ બન્યુ તદ્દન ઊલટું દિન-બ-દિન કોરોના સંક્રમિતોની સંખ્યામાં વધારો થતો ગયો... તેમાં પણ ડોક્ટરો, નર્સો, મેડિકલ કર્મચૂરીઓ, પોલીસો, પત્રકારો પણ કોરોનાની ચપેટમા આવી ગયા. દરમિયાન લોકડાઉન લંબાવવામાં આવતું રહ્યું..... તો હોસ્પિટલો, દવાખાનાઓમા ડૉક્ટર્સ-નર્સો, મેડિકલ કર્મચારીઓની સુરક્ષા માટે નિયમ અનુસાર જે માસ્ક ૯૫, પીપીઈ કિટ, વેન્ટીલેટર વગેરેની જરૂર હતી તે જોઈતા પ્રમાણમાં ન હતા. બીજી તરફ અમેરિકી રસ્તો અખત્યાર કરીને ભારત સરકારે અમેરિકાની જેમ જ ભારતના અર્થતંત્રની ગાડી પાટા પર ચડાવવા કેટલીક શરતોને આધીન છૂટછાટ આપવાનુ શરૂ કર્યુ.... પરંતુ જે રીતે તબક્કાવાર જે તે વિસ્તારની પરિસ્થિતિનું સાચું આકલન કરી છૂટછાટ આપવી જોઈએ તે તરફ આંખ મિચામણા કરી દરેકને એક જ ઝાટકે છૂટછાટ આપી...જેના પરિણામ આપણી સામે જ છે.....! દેશભરમાં કોરોના સંક્રમિતોની સંખ્યા સતત વધતી ચાલી છે....જે ક્યાં પહોંચશે તે કોઈ કહી શકે તેમ નથી.....! અને હવે મોદી સરકારનુ એક વર્ષ પુરુ થવામાં છે ત્યારે તેની સિધ્ધિઓની પ્રજા સમક્ષ રજૂઆત કરવાની તૈયારી ચાલી રહી છે. દેશમાં લોકડાઉનમા જે પરિસ્થિતિ ઉભી થઈ છે તેમાંથી કેન્દ્ર સરકારે હાથ ખેચી લઈ તમામ રાજ્યોને નિર્ણય લેવાની સત્તા સોંપી દેશે. જેથી અપયશનો ટોપલો રાજ્યના માટે થોપી શકાય.....! જોકે લોકો હવે જાગૃત થઈ ગયા છે... તે હકીકત છે.....!!

કોરોના ભારતમાં લોકડાઉન લાવી શક્યો, બધું જ બંધ કરાવી શક્યો અનેકોના જીવ લીધા, અનેકોને ઘેર બેઠા રોડ ઉપર લાવી દીધા, અનેકોને વતનની વાટ પકડારાવી દીધી.... પરંતુ કોરોનાને એક બાબતે પાછા પડવું પડ્યું તે ભ્રષ્ટાચાર- કાળાબજાર રોકી ન શક્યો કે બંધ પણ ન કરાવી શક્યો... જે હકીકત છે. તો રાજકીય ક્ષેત્ર પણ કોઈનું બગાડી ન શક્યો....! આજે પણ માનવતાને મહત્વ આપી મદદ કરતા પક્ષોને સત્તાધારીઓ સહન નથી કરતા.....! તો સત્તા પ્રાપ્તિ માટે ખેલ કરવામાં કોઈ કસર નથી રાખતા..... એ તો ઠીક લોકડાઉન નિયમો માત્ર આમ સામાન્ય પ્રજાએ જ પાળવાના ફરજીયાત છે. જ્યારે નેતાઓ માટે નહીં.... તેઓ ગમે ત્યાં ગમે ત્યારે લોકડાઉન નિયમનો ભંગ કરી શકે છે- ધજીયા ઉડાડી શકે છે કારણ કે તેમનો દંડ કરનાર કોઈ નથી કે દંડ કરવામાં આવતો જ નથી....! તો કોરોનાને નામે મજૂરોને, ગરીબોને, કામદારોને નુકસાન થાય તેવા નિયમો કે બંધનો થોપી દેવામાં આવે છે.....! તો લાખો લોકો ભુખથી તડપી રહ્યા છે.....! આમાં કેટલાક મુત્યુ પણ પામ્યા... તો મોટા ભાગના સત્તાધારીઓ ચૂંટણી સમય પછી કોરેન્ટાઈન થઈ ગયા છે અને હજુ પણ બહાર આવ્યા નથી.....!રાજકીય ક્ષેત્રે માનવતા ભૂલી જવાઈ.... આવી દરેક રાજકીય ઘટમાળ સામે કોરોના પરાસ્ત થઈ ગયો છે તે હકીકત સ્વીકારવી રહી.....! દેશના મોટાભાગના લોકો આજના સમયે ન્યાયની દેવડી એટલે કે સુપ્રીમ કોર્ટ, હાઈ કોર્ટ, માનવ અધિકાર પંચના આદેશો- નિર્દેશો આપવા સાથે ત્રીજું નેત્ર બતાવતા દેશભરની સરકારોની ઉંઘ હરામ કરી નાંખી છે... અને દોડતી કરી દીધી છે....! એસી ઓફીસમા બેઠા બેઠા મનઘડંત નિવેદનો કે વાતો કરતા તંત્ર અને તેના વાહકોને તેમના કાર્યક્ષેત્રમાં કામે લગાડી દેતા દેશના લાખો કોરોનાસંક્રમિતો અને તેમના સગા સંબંધીઓ સહિત દેશની પ્રજામાં આનંદ ફરી વળ્યો છે..... તે સાથે એક નવો આત્મવિશ્વાસ વધી ગયો છે.... લોકો સુપ્રીમ કોર્ટ, હાઈ કોર્ટ, માનવ અધિકાર પંચ ઉપર આફરીન થઈ ગયા છે. કારણ જે તે સરકારો કોરોના બાબતે જે કહેતી હતી કે નિવેદનો કરતી હતી તે બંધ થઈ ગયા છે.....!!

ભાવનગર મહાનગરપાલિકાએ વેરામાં પાડેલા ફેક્ટરનો કરાયો વિરોધ

ભાવનગર,તા.૩૦

મહાનગરપાલિકાએ વેરામાં પાડેલા ફેક્ટરનો વિરોધ થયો છે. મહાનગરપાલિકાએ સક્ષમ અને અસક્ષમ એમ કોમર્શિયલ વિભાગમાં ભાગ પાડ્યા છે. ૮૯ ટકા અસક્ષમ લોકો હોઈ છે જેને ૫૦ ટકા કરતા વધુ વેરો ભરવામાં આવે છે, જેનો સક્ષમ એસોસિએશનએ વિરોધ નોંધાવ્યો છે. નગરપાલિકાએ વેરા માટે કોમર્શિયલ ક્ષેત્રમાં બે વિભાગ કર્યા છે જે એસોસિએશન નથી ધરાવતા અને નાના કામોના ફેક્ટર ચલાવે છે તેને વેરો ઘટાડયો અને સક્ષમ જેવા કે, રેસ્ટોરન્ટ, ઝીમ, હેર સલૂન, શાળાઓ, બ્યુટી પાર્લર જેવા વ્યવસાયકારીઓના વેરામાં ૬૬ ટકા વધારો કરવામાં આવ્યો છે. હાલમાં રેસ્ટોરન્ટ એસોસિએશન મેદાનમાં આવ્યું છે અને માગ કરી છે કે,

સરકાર લોકડાઉનમાં ખર્ચા માથે પડ્યા છે અને આવક નથી ત્યારે આવો વધારો અયોગ્ય છે જેથી સરકાર ઘટતું કરે તેવી માગ કરી છે.ભાવનગરમાં આવેલી રેસ્ટોરન્ટ, શાળાઓ સહિતના ફેક્ટરમાં લોકડાઉનમાં વધારા પર વિરોધ પક્ષ દ્વારા પણ નકારીને શાસકોને આડેહાથ લીધા છે. પાછળ દરવાજેથી ફેક્ટર બદલીને યેનકેન પ્રકારે વેરા વધારો કરાયો છે.મહાનગરપાલિકાએ વેરામાં કરેલા ભાગ પ્રોગ્રેસિંગ યોજના અમલમાં મૂકી છે. ગરીબ લોકો જે નાના વ્યવસાય કરે તેને રાહત અને મોટાને વધારો એટલે ત્રાજવુ સરખું કરવામાં આવ્યું છે.

જેમાં નૂકસાન મહાનગરપાલિકાને ૧૯ લાખનું હોવાનું કમિશ્નર જણાવી રહ્યા છે. રેસ્ટોરન્ટ અને શાળાઓ સક્ષમ છે તો વેરો ભરવામાં તકલીફ ન હોવી જોઈએ પણ સહકાર હોવો જોઈએ તેમ જણાવ્યું છે. ભાવનગરમાં કરેલા બે વિભાગ વેરાના જરૂરિયાત વાળા નાના ઉદ્યોગોને ફાયદો કરાવશે પણ ૬૬ ટકા વેરો જ્યાં સક્ષમ ધંધાર્થી અને વ્યવસાયકારીઓ પર જિકયો છે, તેની વસુલાત અંતે તો આગામી દિવસોમાં વધારો વસ્તુ, ફી અને વાળ કાપવા જેવા કામોમાં જોવા મળશે તે નિશ્ચિત છે.

એનસીપીના નેતા શંકરસિંહ વાઘેલાએ સીએમ રૂપાણીને લખ્યો વિસ્તૃત પત્ર

રીક્ષાચાલકોને ઉગારવા પ્રતિમાસ ૭ હજાર અને લાઈટબિલ-ફી માફ કરવા બાપુની માંગણી

ગાંધીનગર,તા.૩૦

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને એનસીપી પાર્ટીના નેતા શંકરસિંહ વાઘેલાએ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીને એક પત્ર પાઠવીને કોરોના લોકડાઉનથી સામાન્ય અને ગરીબ ઓટોરીક્ષાચાલકોની કફોડી હાલતનો ચિતાર આપીને તેમને તેમનું જીવન ટકાવી રાખવા પ્રતિ માસ ૭ હજાર રોકડાની સહાય અને લોકડુનના સમયગાળાના લાઈટના બિલ અને શાળાની ફી વગેરે. માફ કરવાની આગ્રહભરી વિનંતી કરી છે.

તેમણે પત્રમાં જણાવ્યું કે, ગુજરાત રીક્ષા એસોસીએશનના હોદ્દેદારો તારીખ-૨૬ ,મે,૨૦૨૦ ના રોજ રૂબરૂ મળી રજૂઆત કરેલી જે માટે આપની સરકારે સહાનુભૂતિપૂર્વક વિચાર કરવો જોઈએ. રાજ્યમા કોરોનાવાઈરસની મહામારી અને લોકડાઉનના કારણે સ્વાભાવિક છે કે જ્યાં મુસાફરો જ ના હોય ત્યાં રીક્ષાના ઉપયોગનો કોઈ સવાલ આવતો જ નથી માટે છેલ્લા બે માસ થી પણ વધુસમયથી રીક્ષાઓનું પરિવહન સદંતર બંધ છે. જે રીક્ષાઓના પરિવહનના આધારે થતી આજીવિકાથી જ તેમના પરિવારોનું ભારણ પોષણ ચાલતું હતું તે આજે આર્થિક સંકટના કારણે નિસહાય અને નિરાધાર બની ગયાં છે. હજુ પણ આગામી સમયમાં જાહેર પરિવહન ક્યારે કાર્યરત થસે તે કહી શકાય તેમ નથી. તે કાર્યરત થસે તો પણ લોકો ભયનાકારણે ઘરની બહાર નિકળવાનું ટાળશે જેના લીધે પણ ઓટોરિક્ષા ચાલકોને ધંધો-રોજગાર આગામી ૨-૪ માસ સુધી મળવો મુશ્કેલ છે. આવી કપરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ઓટોરિક્ષા ચાલકોના પરિવારોને પોતાના ભારણ પોષણ સહિત અનેક સમસ્યાઓની રજૂઆત કરેલી. એ સ્વાભાવિક છે કે ઓટો રીક્ષા ચાલક જેવા સામાન્ય પરીવારનો હોય અને જે મોટા ભાગે ભાડાના મકાનમાં રહેતો હોય તે ભાડાના મકાનનું ભાડુ કેવી રીતે ભરવું, લાઈટબીલ કેવી રીતે ભરવું અને સંતાનોની સ્કુલની ફી કેમ ભરવી, રીક્ષા ચાલક કોઈ બીજાની માલીકીની રીક્ષા ભાડેથી લાવતો હોય તો એ ભાડું કે ઓટોરિક્ષાના લોનનો હપ્તો કેવી રીતે ભરવો ઉપરાંત પરિવારમાં કોઈક આકસ્મિક ખર્ચ કે માંદગી આવે તો આ ઓટો રીક્ષા ચાલકો પાસે કોઈ આવક કે તેનો આધાર ન હોવાથી આવી અનેક સમસ્યાઓને માનવતાના આધારે સહાનુભૂતિપૂર્વક વિચાર કરીને ઉકેલવા માટે આપશ્રીને વ્યક્તિગત રીતે ભલામણ કરવા આ પત્ર પાઠવું છું.વાઘેલાએ એમ પણ કહ્યું કે, ગુજરાત સરકારે સામે ચાલીને સમગ્ર ગુજરાતમાં રીક્ષા ચાલકનું લાઈસન્સ ધરાવનાર રીક્ષા ચાલકોને આર્થિક સંકટની સ્થિતિમાંથી પુનઃ બેઠા કરવા મદદરૂપ થઈ શકાય તે હેતુથી લોકડાઉનના સમય દરમ્યાન પ્રતિ માસ રૂ.૭૦૦૦/-ની રોકડ સહાય આપવામાં આવે તે માટેની ઉપરાંત આ પરિવારોના વીજળી બીલ કે પાણીના બીલો બે-ત્રણ માસ માટે માફ કરવા પણ જાહેરાત કરી ને તેનો સત્વરે અમલ કરવા મારો આગ્રહ છે.તેમણે પત્રમાં જણાવ્યું કે, કોરોના મહામારીના જંગમાં દેશના સામાન્ય લોકોને સહાયરૂપ થવા કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨૦ લાખ કરોડના પેકેજ સાથે ×આત્મનિર્ભર ભારત× અભિયાનની જાહેરાત કરવામાં આવી છે. જેના ભાગરૂપે રાજ્યમાં નાના વ્યવસાયકારો, નાના દુકાનદારો, ફેરિયાઓ, આપના આ રીક્ષાચાલક સહિતના વ્યકિતગત નાનો ધંધા-રોજગાર કરતા અને અન્ય કારીગરોને આર્થિક હાલાકીની સ્થિતિમાંથી પુનઃ બેઠા કરવા મદદરૂપ થઈ શકાય તે હેતુથી "આત્મનિર્ભર" સહાય યોજના જાહેર કરી છે. તેનું સુનિયોજિત અમલીકરણ થાય તે માટે ગુજરાતનું સંપર્ક અને મોનિટરીગનું માળખું બનાવાય તે જોવા અને સહાય માટેના અરજી ફોર્મ સરળતાથી મળી રહે તે જરૂરી છે. આ માટે અરજી કરનાર વ્યક્તિઓને ૩ વર્ષ માટે રૂ.૧ લાખ સુધીની લોન કોઈ પણ જાતની ગેરેન્ટી વગર અને વ્યાજ વગર અપાય, લોનના પ્રથમ ૬ માસ સુધી કોઈ હપ્તો પણ વસુલવામાં ના આવે, નાના ધંધો-વ્યવસાય કરનારાઓ , રીક્ષાચાલક વગેરેને વ્યાજનો બોજ વહન ન કરવો પડે તેવી વ્યવસ્થા ગોઠવાય તે જોવા પણ તેમણે વિનંતી કરી હતી.

કોરોના-કોવિડ-૧૯ની સ્થિતીમાંથી બહાર આવી MSME એકમો પ્રોત્સાહક-આર્થિક-ઔદ્યોગિક ગતિવિધિઓનો મહત્તમ લાભ લે: મુખ્યમંત્રીશ્રી

ગાંધીનગર,તા.૩૦



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોવિડ-૧૯ કોરોના વાયરસની સ્થિતી પછી ઉદભવનારી આર્થિક-ઔદ્યોગિક ગતિવિધિઓનો મહત્તમ લાભ રાજ્યના MSME એકમો ઉઠાવી આપત્તિને અવસરમાં પલટવાની ગુજરાતની ખૂમારી ફરી ઝળકાવે તેવું આહવાન કર્યુ છે.

તેમણે આ સંદેર્ભમાં બેન્કોને પણ અનુરોધ કર્યો કે, MSME એકમોને આવશ્યકતા મુજબ બેન્ક લોન-સહાય આપીને આ સેકટરને પૂનઃ વેગવંતુ બનાવવાનું દાયિત્વ બેન્કો નિભાવે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા રાજ્યના જિલ્લામથકોએ ઉપસ્થિત રહેલા બેન્ક અધિકારીઓ, જિલ્લા ઊદ્યોગ કેન્દ્રોના જનરલ મેનેજરશ્રીઓ, MSME એકમોના સંગઠનોના પદાધિકારીઓ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ સાથે ઊદ્યોગ-વેપાર ક્ષેત્રને ફરી એ જ ગતિએ ધબકતા કરવાની કાર્યયોજનાનું સામૂહિક મંથન-ચિંતન કર્યુ હતું.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ પણ આ કોન્ફરન્સમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ભારત સરકારે પણ કોવિડ-૧૯ની સ્થિતીમાં વેપાર-ઊદ્યોગ-નાના-લઘુ ઊદ્યોગોને બેઠા કરવા જે ૨૦ લાખ કરોડનું પેકેજ જાહેર કર્યુ છે તેમાં ૩.૫૦ લાખ કરોડનું પેકેજ MSME માટે આપ્યું છે.

MSME એકમોને કોલેટરલ ફ્રી લોન આપવાની પણ ભારત સરકારે જાહેરાત કરી છે તેનો મહત્તમ લાભ ગુજરાતના સ્જીસ્ઈ એકમોને મળે તે માટે તેમણે બેન્કર્સને પ્રો-એકટીવ થવા સૂચન કર્યુ હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, ગુજરાતમાં ૩૩ લાખથી વધુ સ્જીસ્ઈ એકમો દ્વારા દોઢ કરોડથી વધુ લોકોને રોજગારી મળે છે તેમજ આવા સ્જીસ્ઈ એકમોનો રિકવરી રેટ ૯૫ ટકાથી પણ વધારે છે.

તેમણે બેન્કર્સને એવો પણ અનુરોધ કર્યો કે, રિઝર્વ બેન્કે રેપોરેટ ઘટાડયો છે તેમજ લીકવીડીટી (તરલતા) ફેસિલીટી વધુ વ્યાપક બનાવી છે ત્યારે રાજ્યના MSME એકમોને પણ વધુ સરળતાએ લોન-સહાય મળે તો આપણે વિકાસની રફતાર વેગવંતી બનાવી શકીશું.

મુખ્યમંત્રીશ્રીએ સ્જીસ્ઈ કમિશનરેટ, સિંગલ વિન્ડો સિસ્ટમ વગેરે દ્વારા બેન્ક અને સ્જીસ્ઈ વચ્ચે સરકાર સેતુરૂપ બનશે એમ પણ જણાવ્યું હતું.

આ સંદર્ભમાં વિડીયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ અને ઊદ્યોગ અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ અને ઊદ્યોગ વિભાગના અધિકારીઓ સાથે બેન્કર્સની વિશદ ચર્ચા-વિચારણાઓ હાથ ધરવામાં આવી હતી.

તદઅનુસાર, બેન્કોએ કેટલાંક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે જેમાં એવું નિર્ધારીત કરવામાં આવ્યું કે, બેન્કના હયાત MSME કસ્ટમર્સ જેમને વધુ લોનની સગવડતા મળેલી છે તેમણે આ વધારા માટે કોઇ માર્જિન મની આપવાના રહેશે નહિ.

જે MSME એકમો નવી લોન લેશે તેમને માર્જિન મની આપવાના રહેશે. એટલું જ નહિ, સ્જીસ્ઈ અંતર્ગત સમાવેશ થયેલી સર્વિસ સેકટર ઈન્ડસ્ટ્રીને પણ બેન્ક લોનનો લાભ બેન્કર્સ આપશે.

પ્રવર્તમાન કોરોના-કોવિડ-૧૯ની પરિસ્થિતીમાંથી નાના-લઘુ-સુક્ષ્મ ઊદ્યોગોને ઝડપભેર પૂર્વવત કરવા બેન્કો મહત્તમ વ્યાજ દર ૯.૨૫ ટકાથી પણ ઓછા દરે લોન-સહાય આપશે તેવી લીડ બેન્કર્સ દ્વારા ખાતરી આપવામાં આવી હતી.

રાજયમાં MSME એકમોને લોન-સહાય સરળ અને ત્વરાએ મળી રહે તે માટેના ફોલોઅપ સહિતની કામગીરી માટે એક સમિતિ રચવાનું ચેમ્બર્સ ઓફ કોમર્સ અને MSME એકમોના સંગઠનોએ સૂચન કર્યુ હતું.

આ સૂચનનો ત્વરિત પ્રતિસાદ આપતાં બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે આ હેતુસર દરેક જિલ્લામાં જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં એક સમિતિ રચવામાં આવશે. જિલ્લા ઊદ્યોગ કેન્દ્રના અધિકારી, લીડ બેન્ક ઓફિસર તેમજ ચેમ્બર ઓફ કોમર્સના અને સ્જીસ્ઈ એકમોના સંગઠનના પદાધિકારીનો આ સમિતિના સભ્ય તરીકે સમાવેશ કરાશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે આ વિડીયો કોન્ફરન્સમાં જણાવ્યું કે, કોરોનાને કારણે વિશ્વભરમાં કરોડો લોકોના જનજીવન, વેપાર-ઊદ્યોગ ઠપ થઇ ગયેલા અને આપણે ચિંતામાં હતા કે આ સ્થિતીથી બેઠા કેમ થઇશું, ત્યારે પ્રધાનમંત્રીશ્રીએ મોટું રાહત પેકેજ આપીને રાજ્યના નાના-લઘુ ઊદ્યોગોને ઝડપથી થાળે પડવાની નવી તક આપી છે.

તેમણે ઉમેર્યુ કે, રાજ્ય સરકાર તો આ માટે મદદરૂપ થાય છે પરંતુ બેન્કર્સ, ઊદ્યોગકારો સૌના સૂચનો અને સહયોગ મેળવવા આ કોન્ફરન્સ ઉપયુકત બનશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જેટલી ઝડપથી ગુજરાતમાં ઊદ્યોગો ફરીથી ચેતનવંતા થશે તેટલી ઝડપે અર્થતંત્રને, ઊદ્યોગોને શ્રમિકોને ફાયદો થશે. રાજ્યની વિકાસ યાત્રામાં ગતિ આવશે તેવો વિશ્વાસ પણ દર્શાવ્યો હતો.

તેમણે રિઝર્વ બેન્કે લીકવીડીટી-તરલતા પ્રાપ્ત થાય તેવી ફંડ વ્યવસ્થા કરી છે તેનો લાભ સ્જીસ્ઈને લેવા પણ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ અને ઊદ્યોગ અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસે આ કોન્ફરન્સનો વિષય સ્પષ્ટ કરી ગુજરાતમાં FDI ગ્રોથરેટ દેશ કરતાં ૧૭ ગણું વધારે છે તેનો શ્રેય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વને આપ્યો હતો. સ્જીસ્ઈ સેકટરના વિકાસમાં પણ ગુજરાત દેશમાં મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશનમાં અગ્રેસર છે તેમ તેમણે ઉમેર્યુ હતું. ઊદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા, સ્જીસ્ઈ કમિશનર શ્રી રંજીથકુમાર તથા ઈન્ડેક્ષ-બી ના એમ. ડી. નિલમ રાની આ બેઠકમાં જોડાયા હતા.

૭૦ હજાર ઉકાળા અને ૧૨ લાખથી વધુ કીટનું વિતરણ

રાજકોટ,તા.૩૦

શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે આજે હવે આયુર્વેદની દવાઓ અને ઉકાળા પ્રચલિત થયા છે. કોરોના મહામારી સમયે કેન્દ્રના આયુષ વિભાગની ગાઈડલાઈન મુજબ રાજ્ય સરકાર દ્વારા આયુર્વેદ પદ્ધતિથી ઉકાળા અને દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરી લોકોને કોરોના સામે સુરક્ષિતતા બક્ષી છે, ત્યારે સરકારી આયુર્વેદિક હોસ્પિટલના ડોક્ટર જયેશ પરમારે જણાવ્યું હતું કે, કોરોના મહામારીમાં સંશમની વટી, ત્રિકટુ ચુર્ણ, યષ્ટિમધુ ધનવટી, 'આયુ - ૬૪', દશમુળ કવાથ, પખાવદી કવાથ શબ્દો આજકાલ ઘર ઘર પ્રચલિત થયા છે.

ચોમાસુ- ૨૦૨૦ની પૂર્વ તૈયારીના ભાગરૂપે તૈયાર કરાયો ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન

ગાંધીનગર તાલુકામાં પૂરની પરિસ્થિતિમાં પણ કોરોનાની ગાઈડલાઈનનો અમલ આવશ્યક

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર તાલુકામાં ચોમાસુ- ૨૦૨૦ની પૂર્વ તૈયારીના ભાગરૂપે પ્રાંત અધિકારી જે.એમ.ભોરણિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી. જેમાં તાલુકા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરાયો હતો. તેમાં તેમણે ગાંધીનગર તાલુકામાં અતિભારે વરસાદ કે પૂરીની પરિસ્થિતિનું નિર્માણ થાય તે સમય દરમિયાન પણ કોરોના વાયરસ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલી ગાઈડલાઈનનું સુચારું પાલન થાય તેની ખાસ તકેદારી રાખવા માટે ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે મોટા ભાગના ગામમાં અતિભારે વરસાદ અને પૂર વખતે આશ્રય સ્થાન તરીકે ગામની શાળાઓનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. જેથી શાળા સુધી જવાના તમામ માર્ગ સુવ્યસ્થતિ કરવા તેમજ રસ્તા તુટેલો કે મોટા ખાડા હોય તો પૂરી નાખવા માટેની પણ સૂચના સંબંધિત અધિકારીઓને આપી હતી. પ્રાંત અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ ગામમાં આવતાં કે મુખ્ય માર્ગ પર પડી જાય તેવા ઝાડ હટાવવાની કામગીરી કરવી. બચાવ અને રાહતની કામગીરી દરમિયાન કામગીરી માટે ફાયર બિગ્રેડની ટીમ પાસે રહેલી બચાવ કામગીરીના વાહનો, સાધનો અને લાઈફ બોટનું ટેસ્ટીંગ કરી લેવા પણ ખાસ જણાવ્યું હતું. તેમજ જે.સી.બી. જરૂર પડે કે તુરંત મળી શકે તેવી વ્યવસ્થા કરવી અને તેની સાથે વૈકિલ્પક વ્યવસ્થા પણ ખાસ ગોઠવવી. તેમજ કોઈપણ ગામની શાળાનો ઓરડો, ગામનું કોઈ મકાન કે ઈમારત જર્જરિત કે ભય જનક હોય તો યોગ્ય વ્યવસ્થા હાથ ધરવા જણાવ્યું હતું. તેની સાથે ગોડાઉનમાં અનાજ પલડી ન જાય તેની ખાસ તકેદારી રાખવા પણ સૂચના આપી હતી. કુદરતી પાણીના વહેણ હોય તેને અવરોધક બને તેવી ચીજવસ્તુઓનો નિકાલ કરવો. મોટા તળાવ, ડેમ અને કેનાલ સહિત જળાશયોની આગળ તેની ઉંડાઇ તથા આકસ્મિક સમય સંપર્ક નંબરો દર્શાવતા બોર્ડ મુકાવવા.

અંતરનાં આયનામાં.... (લેખાંક - ૩)

વર્ષા જાની



આપણને અમૂક ચોકઠામાં ફિટ થઈને જીવવાની આદત પડી ગઈ છે ! એક પ્રકારના સ્ટેટસ, દેખાડા વગર તો કેમ ચાલશે? કોઈક શું કહેશે? કેવું લાગશે? લે, એ લોકો તો આમ જ કરે છે ! આપણે એમ કરીએ તો....? કેટલા બધા પ્રશ્નોના ખડકલા થઈ જાય છે આપણી સામે !આપણે આપણા મુજબ જીવીએ છીએ ખરાં? કે પછી અન્ય માટે? બીજાને સારુ દેખાડા કરવાની આદત છે મોટેભાગે !

હવે આપણે આપણા માટે, આપણા મુજબ જીવવાની ટેવ પાડવી પડશે. આવનારા સમય સામે હામ ભીડીને બાથ ભરવી પડશે ! તો ઓછા દુઃખી થવું પડે !

" દેર લગી હૈ લેકિન , મૈને અબ હૈ જીના શીખ લિયા....

આંસુઓકે બિન, મૈને અબ હૈ જીના શીખ લિયા.....

એક ફિલ્મનું આ ગીત આપણને જીવન જીવવા માટે પુશબેક કરનારું નીવડે છે. વાત વાતમાં આંસુ વહાવનારા આપણે મુશ્કેલીઓના રોદણાં રડવામાંથી જ ક્યાં ઊંચા આવીએ છીએ?

ખુદને ઓળખતા શીખી લઈએ તો પછી પહાડ જેવડી મુશ્કેલી રાઈનો દાણો બની જાય ! પણ અહી અમે તો રાઈને પહાડ બનાવનારા !એવો વ્યર્થ પહાડ ઉંચકી ઉંચકીને જાતને દુઃખી બનાવનારની સમાજમાં જરાય તંગી નથી !

આંસુઓને મોતી સમજીને વહાવનાર વિરલા બહુ ઓછા જડે ! હા, મગરમચ્છના આંસુડા રેલાવનારાના તો કેવા કીડીયારા ઊભરાય! આજકાલ તો પોતાનાં પર કેટલા બધા દુઃખનાં ડુંગરા તૂટી પડ્યાં છે એવું બતાવી બતાવી લોકોને છેતરનારા, શરમ નેવે મૂકી મૂકીને ફરતા હોય છે ! જૂઠું બોલી, ખોટી સહાનુભૂતિ મેળવી લાંબો હાથ કરતાં પણ જરાય ખચકાટ અનુભવ તા નથી. અરે, 'માંગવા કરતાં તો મરવું ભલું ' એવું જીવનસૂત્ર અપનાવી ખુમારીથી જીવનારા યોદ્ધા દીવો લઈને ગોતવા જાવ તો પણ જૂજ જ મળે !

સમાજમાં રહેનાર આપણે એનું જ અભિન્ન અંગ છીએ, પણ એનો મતલબ એવો તો હરગીઝ ન કરી શકાય કે આપણે સમાજમાંથી જેટલું ટોનિક મળે એટલું ચૂસી લેવું. અલબત્ત જરૂરત પડે ત્યારે જે સમાજ આપણી પડખે ઊભો રહી આપણને જડ મૂળથી બેઠા કરવામાં મદદ કરે એનું ઋણ ક્યારેય ભૂલવું ન જોઈએ. આપણી આર્થિક શાખા મજબૂત થાય એટલે આપણા મીઠાં ફળ સમાજને અર્પણ કરવાનાં છે એ પણ ભૂલી ન જવું જોઈએ. પણ ઘણાં તો એવા કિસ્સા બનેલા જોવા મળે છે કે રોડ પતિમાંથી કરોડપતિ થઈ જાય એટલે ગાડી, બંગલા, ક્લબ, નશો, પાર્ટી આ બધું જ જાણે સ્ટેટસ.''દુનિયા જાય ભાડમેં ! મુઝે ઈસસે ક્યાં લેના દેના? , લેકિન ઉસે કૌન સમજાયે કી તું દુનિયાસે હી ઈતના આગે હૈ, અબ તુજે દુનિયાકો હૈ દેના''

હૈ કોઈ મુજમેં, કહ ગયા કી કહાં તું રહ ગયા !

અંદરથી ખુદને હલબલાવનારુ કોઈ છે ! એ જ ગેરમાર્ગે જતાં આપણને રોકેછે, અટકાવે છે પણ જીદ્દી મન ક્યાં કોઈને વશ થાય એમ છે? મન માંકડું ..., માંકડું જો માણસને વશ થઈ એ નચાવે એમ નાચતું હોય તો પછી મન રુપી માંકડાની શી મજાલ કે એ આપણું કહ્યું ન કરે?

ખૂદની મંઝીલ ખૂદ જ નક્કી કરી લેવી જોઈએ. માત્ર નક્કી જ કરવી એવું નહી, એ મંઝીલ સુધી પહોંચવા માટેના માર્ગને મોકળો કરી એ રસ્તે એકલા ચાલવું પડે તો એકલા. રવીન્દ્રનાથ ટાગોર કહે છે તેમ, 'એકલા ચાલો, એકલા ચાલો, એકલા ચાલો રે... ' પંક્તિમાં એકલા શબ્દની પુનરુક્તિ થાય છે. એ પુનરાવર્તન એકલા જવા માટે દ્રઢ બનવાનાં મનોબળનું સિંચન કરે છે.

અસ્તુ

વર્ષા જાની

ભાવનગર

૩૧ મે ૨૦૨૦

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001